ગાંધીનગર સમાચાર

# વડાપ્રધાન, બંસલ અને અશ્વિનીના રાજીનામાની માંગ

નવી દિલ્હી,તા. ૭
સંસદના બંને ગૃહોમાં આજે પણ ભારે ધાંધલ ધમાલ થઈ હતી જેના પરિણામ સ્વરૂપે સંસદને બુધવાર સુધી મોકુફ કરી દેવાની ફરજ પડી હતી. ભાજપે વડાપ્રધાન મનમોહનસિંહ, રેલવે પ્રધાન પવનકુમાર બંસલ અને કાયદા પ્રધાન અશ્વિની કુમારના રાજીનામાની માંગણી જારી રાખી છે અને સાફ શબ્દોમાં કહ્યુ છે કે જ્યાં સુધી બંસલ અને અશ્વિની કુમારને દૂર કરવામાં આવશે નહીં ત્યાં સુધી ફુડ સિક્યુરીટી બિલ અને અન્ય બિલને પસાર કરવાની મંજુરી આપવામાં આવશે નહીં. સંસદમાં અતિ મહત્વપૂર્ણ બિલ પસાર કરવા માટે સહકાર આપવા માટે ભાજપે કઠોર શરતો મૂકી દીધી છે. ભાજપે સાફ શબ્દોમાં કહ્યુ છે કે જ્યાં સુધી રેલવે મંત્રી બંસલ અને અશ્વિની કુમાર રાજીનામુ આપશે નહીં ત્યાં સુધી કોઈ પણ બિલને પસાર કરવાની તક આપવામાં આવશે નહીં. ભાજપે એમ પણ કહ્યુ છે કે જમીન અધિગ્રહણ બિલ અને ફુડ સિક્યુરીટી બિલને પસાર કરવાની તક આપવામાં આવશે નહીં. ભાજપના વરિષ્ઠનેતા લાલકૃષ્ણ અડવાણીના નેતૃત્વમાં મળેલી ભાજપ સંસદીય દળની બેઠકમાં એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે પક્ષના નેતા ધાંધલ ધમાલને બિલ પસાર કરવાના સરકારના કોઈ પણ પગલાની સામે લોકસભા અધ્યક્ષ મીરાકુમાર સમક્ષ રજુઆત કરશે. લોકસભામાં ભાજપના નાયબ નેતા ગોપીનાથ મુંડેએ કહ્યુ હતુ કે જ્યાં સુધી બંને મંત્રી બંસલ અને અશ્વિનીકુમાર રાજીનામુ આપશે નહીં ત્યાં સુધી સંસદની કાર્યવાહીમાં સામેલ થવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અમે ઈચ્છીએ છીએ કે ફુડ સિક્યુરીટી બિલ અને જમીન અધિગ્રહણ બિલ ચર્ચા બાદજ પસાર કરવામાં આવે. ધાંધલ ધમાલ વચ્ચે કોઈ પણ ચર્ચા વગર વહેલીતકે બિલ પસાર થવાને મંજુરી આપવામાં આવશે નહીં. બંસલ રેલવે બોર્ડની મહત્વની નિમણૂંકોમાં લાંચના સંબંધમાં સીબીઆઈ દ્વારા ભત્રીજાની ધરરપકડ બાદ વિવાદના ઘેરામાં છે. બીજી બાજુ અશ્વિની કુમાર કોલસા બ્લોક ફાળવણી સાથે સંકળાયેલા વિવાદમાં ફસાયેલા છે. દરમિયાન રાજ્યસભામાં આજે ભારે ધાંધલ ધમાલ થઈ હતી. જમીન અધિગ્રહણ બિલ રજુ કરવામાં આવ્યા બાદ ભારે નાટ્યાત્મક ઘટનાક્રમ જોવા મળ્યા હતા. બંધારણીય સુધારા બિલ ૨૦૧૩ રજુ કરવા માટે વિદેશમંત્રી સલમાન ખુરશીદ ઉપસ્થિત રહ્યા હતા. ફુડ સિક્યુરીટી બિલને લઈને આજે સરકાર અને ભાજપ વચ્ચે શાબ્દિક યુદ્ધ થયુ હતુ. ગયા સપ્તાહ બાદથી ફુડ સિક્યુરીટી બિલ લોકસભામાં વિચારણા માટે પેન્ડિંગ છે. ફુડ સિક્યુરીટી બિલને લઈને શાબ્દિક યુદ્ધની સ્થિતિ થયેલી છે. આ બિલમાં ફુડ સિક્યુરીટી માટે ૬૭ ટકા લોકોને આવરી લેવાની જોગવાઈ છે. ભાજપના જનરલ સેક્રેટરી રાજીવપ્રતાપ રૂડીએ કહ્યુ છે કે તેમની પાર્ટી ઈચ્છે છે કે આ બિલ પસાર થાય પરંતુ આ બિલને ચર્ચા કરીને પસાર કરવામાં આવે તે જરૂરી છે. બીજી બાજુ સરકાર જો બજેટસત્રમાં બિલ પસાર થશે નહીં તો ફુડ અંગે કોઈ વટહુકમ લાવામાં આવશે તે અંગે પુછવામાં આવતા માહિતી અને પ્રસારણ પ્રધાન મનિષ તિવારીએ સંસદીય ગૃહની બહાર પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે ભૂખમરાને દૂર કરવાની જરૂર છે. ફુડ સિક્યુરીટીની ખાતરી જરૂરી છે. સરકારે આક્ષેપ કર્યો છે કે આ બિલના પસારમાં ભાજપ દ્વારા અડચણો ઉભી કરવામાં આવી રહી છે. બીજી બાજુ ભાજપે વળતા પ્રહારો કર્યા છે અને કહ્યુ છે કે કોંગ્રેસ ફુડ બિલને પસાર કરતા પહેલા ભ્રષ્ટાચારનો અંત લાવે તે જરૂરી છે.







## બજેટ સત્રનું બીજુ ચરણ વોશઆઉટ થવાનો ખતરો

સંસદના બજેટ સત્રનો બીજો તબક્કો સંપૂર્ણપણે વોશઆઉટ થઈ જવાની દહેશત દેખાઈ રહી છે. વડાપ્રધાન મનમોહનસિંહ, રેલવેપ્રધાન બંસલ અને કાયદા પ્રધાન અશ્વિની કુમારના રાજીનામા માટેની માંગણીને લઈને વિપક્ષ મક્કમ છે. આ મુદ્દાઓ પર ધાંધલ ધમાલ જારી રહેતા લોકસભા અને રાજ્યસભાની કામગીરી ૧૦મા દિવસે પણ કોઈ કાર્યવાહી વગર મોકુફ કરી દેવાઈ હતી. હવે ત્રણ મહિના લાંબા બજેટસત્રની પૂર્ણાહૂતિ આડે ત્રણ દિવસનો સમય બાકી રહ્યો છે ત્યારે નેશનલ ફુડ સિક્યુરીટી અને જમીન અધિગ્રહણ બિલ જેવા મહત્વપૂર્ણ બિલના ભાવિ અનિશ્ચિત બની ગયા છે. બીજા તબક્કામાં એક માત્ર ફાઈનાન્સ બિલ પસાર થઈ શક્યુ છે. આની સાથે બજેટની કવાયત પૂર્ણ થઈ હતી. રેલવે બજેટ પસાર થયુ હતુ પરંતુ વિપક્ષના વોકઆઉટ વચ્ચે કોઈ પણ ચર્ચા વગર રેલવે બજેટ પસાર કરાયુ હતુ. વડાપ્રધાન અનપક્ષ પ્રમુખ સોનિયા ગાંધી સહિત કોંગ્રેસના ટોચના નેતાઓ સંસદમાં મડાગાંઠ અંગે ચર્ચા કરી ચુકયા છે. સંસદના સત્રને અચોક્કસ મુદત સુધી વહેલીતકે મોકુફ કરવાની વાત પણ થઈ ચુકી છે.

ટુજી સ્પેક્ટ્રમ ફાળવણીના કૌભાંડ અંગે જેપીસીની રચના માટેની માંગને લઈને વિપક્ષના આવાજ વર્તનના કારણે ૨૦૧૦ના શિયાળુ સત્રમાં મડાગાંઠ ઉભી થઈ હતી. લોકસભા અને રાજ્યસભાના સભ્યો વડાપ્રધાન અને અન્ય પ્રધાનો સામે સૂત્રોચ્ચાર કરી રહ્યા છે.

# ૬૦૦થી વધુ પાકિસ્તાનીઓની અજમેર શરીફ યાત્રા પર સંકટ

જયપુર,તા. ૭
પાકિસ્તાની જેલમાં હુમલો કરવામાં આવ્યા બાદ સારવાર દરમિયાન ભારતીય કેદી સરબજિતસિંહના મોત બાદ તેના પ્રત્યાઘાતરૂપે જમ્મુની કોર્ટ ભલવલ જેલમાં એક પાકિસ્તાની કેદી પર હુમલો થયા બાદ અજમેર શરીફની યાત્રા કરવા ઈચ્છતા ૬૦૦ પાકિસ્તાનીઓની યાત્રાને લઈને હવે સસ્પેન્સની સ્થિતિ ઊભી થઈ ગઈ છે. દર વર્ષે અજમેરમાં ખ્વાજા મોઈનુદીન ચિસ્તીની દરગાહ ઉપર હજારોની સંખ્યામાં પાકિસ્તાનીઓ પણ આવે છે પરંતુ હવે હુમલો થવાના ભયથી ૬૦૦ પાકિસ્તાની શ્રદ્ધાળુઓ અજમેર શરીફની દરગાહની મુલાકાતને મોકૂફ કરે તેવી શક્યતા છે. ૧૧મી મેથી તેમની યાત્રા શરૂ થનાર હતી. પાકિસ્તાની હાઈ કમીશનના સૂત્રોએ કહ્યું છે કે આ લોકો પરિસ્થિતીની સમીક્ષા કરી રહ્યા છે. કેટલાક પ્રતિનિધી મંડળના સભ્યો કહી ચૂક્યા છે કે ખ્વાજાની યાદમાં ૮૦૧ની ઉર્સની યાત્રાને તેઓ રદ કરી ચૂક્યા છે.

ભૂતકાળમાં માત્ર બે જ વખત આ પ્રતિનિધી મંડળ ભારત આવી શક્યું ન હતું. ૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધ વેળા આ પ્રતિનિધી મંડળ આવ્યું ન હતું. દર વર્ષે પાકિસ્તાની પ્રતિનીધી મંડળ પહોંચે છે. પ્રતિનિધી મંડળના સભ્ય આમિર ખાને કહ્યુંછે કે અજમેર શરીફની યાત્રાની રોમાંચકતા ઘટી ગઈ છે. જો કે કેટલાક લોકોનું કહેવું છે કે તેઓ ઉર્સ મેળામાં ભાગ લેવા ચોક્કસપણે જશે.

નામ જાહેર નહીં કરવાની શરતે લાહોરના એક શ્રદ્ધાળુએ કહ્યું છે કે ટ્રેન વાઘા સરહદને પાર કરે છે અને વાઘામાં શીખ સમુદાયના લોકો વધારે છે. આ ટ્રેન દિલ્હીમાં રોકાય છે અને દિલ્હીમાં પણ શીખ વસ્તી ખૂબ વધારે છે જેથી અમારી યાત્રાનો વિરોધ કરનાર સંગઠનો તરફથી સતત ધમકી મળી રહી છે.

# કર્ણાટકમાં ભારે ઉત્તેજના વચ્ચે આજે પરિણામ

બેંગ્લોર,તા. ૭
કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવનાર છે. આની સાથે જ હજુ સુધી ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણી વેળા ભાજપ અને કોંગ્રેસે તમામ તાકાત લગાવી દીધી હતી. મતદાન યોજાયા બાદ મોટા ભાગના એક્ઝિટ પોલમાં કોંગ્રેસને જીત આપવામાં આવી રહી છે જેથી પરિણામ આવે તે પહેલા કોંગ્રેસમાં ભારે ઉત્સુકતા દેખાઈ રહી છે. ભાજપમાં આંતરિક ખેંચતાણના કારણે કર્ણાટક ગુમાવવું પડે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. યેદિયુરપ્પાએ ભાજપમાં ભારે વિખવાદ ઉભો કર્યો હતો આખરે ભાજપ સાથે છેડો ફાડ્યો હતો અને નવી પાર્ટી બનાવી હતી. યેદિયુરપ્પા પરિબળ સહિત અન્ય પરિબળો પણ ભાજપને નુકસાન કરે તેવી શક્યતા છે. કર્ણાટકમાં વ્યાપક ભ્રષ્ટાચારની સ્થિતિ પણ જોવા મળી હતી. કર્ણાટકમાં ચૂંટણી પ્રચાર દરમિયાન ભાજપ અને કોંગ્રેસના તમામ ટોચના નેતાઓએ પ્રચારમાં ભાગ લીધો હતો. કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણી માટે રવિવારે સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ઉંચુ મતદાન યોજાયું હતું. આશરે ૭૦ટકા જેટલું ઊંચું મતદાન થયું હતું. ઉંચા મતદાન બાદ હવે આવતીકાલે આ ઉંચા મતદાન વેળા મતદારોએ કોને મત આપ્યા છે તે બાબત સ્પષ્ટ થશે. હાલમાં ૩૬૯૨ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થયેલા છે. રવિવારે મતદાન માટે ૫૨૦૦૦ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા હતા જે પૈકી ૧૦ હજારને અતિ સંવેદનશીલ અને ૧૪ હજારને સંવેદનશીલ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. મતદાન માટે ૬૫૦૦૦ ઈલેક્ટ્રોનીક વોટિંગ મશીનનો ઉપયોગ કરાયો હતો. ૧૦ ટકા ઈવીએમ રિઝર્વ રાખવામાં આવ્યા હતા. ફરજ ઉપર ૨.૫ લાખ અધિકારીઓને મુકવામાં આવ્યા હતા. ચૂંટણી પ્રચાર દરમિયાન ભાજપ અને કોંગ્રેસ સહિત તમામ રાજકીય પક્ષોએ સંપૂર્ણ તાકાત લગાવી દીધી હતી. એકબાજુ શાસક પક્ષ ભાજપ તરફથી તમામ સ્ટાર પ્રચારકોએ ચૂંટણી પ્રચારમાં ભાગ લીધો હતો જેમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ બે વખત રાજ્યના પ્રવાસ કરીને ચૂંટણી સભાઓને સંબોધી હતી. ભાજપ તરફથી રાજનાથસિંહ, અડવાણી, સુષ્મા સ્વરાજ, મોદીએ શ્રેણીબદ્ધ મિટીંગોને સંબોધી હતી. કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધી સ્ટાર પ્રચારક તરીકે રહ્યા હતા. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ ગુલબર્ગામાં જાહેર સભાને સંબોધી હતી. વડાપ્રધાન મનમોહનસિંહે ચૂંટણી પ્રચાર કરીને ભ્રષ્ટાચારને લઈને પ્રહારો કર્યા હતા.




# શાહરુખ પર પ્રતિબંધ ઉઠાવી લેવા રાજ ઠાકરેની ઉગ્ર માંગ

નવી દિલ્હી,તા. ૭
મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજઠાકરેએ આજે કોલકાતા નાઈટરાઈડર્સના સહ માલિક શાહરુખખાનની તરફેણ કરી હતી અને કહ્યુ હતુ કે વાનખેડે સ્ટેડિયમમાં પ્રવેશ આપવાની શાહરુખને મંજુરી આપવી જોઈએ કારણ કે શાહરુખખાન કોઈ આતંકવાદી નથી. શાહરુખ પર લાદવામાં આવેલા પ્રતિબંધને ઉઠાવી લેવાની રાજઠાકરેએ તરફેણ કરી હતી. મુંબઈના વાનખેડે સ્ટેડિયમ પર શાહરુખના પ્રવેશ પર હાલ પ્રતિબંધ મુકાયો છે. મીડિયા અહેવાલોમાં રાજઠાકરેને ટાંકીને જણાવવામાં આવ્યુ છે કે શાહરુખ કોઈ ગુનેગાર કે આતંકવાદી નથી જેથી તેને વાનખેડે સ્ટેડિયમના પ્રાંગણમાં પ્રવેશવાની મંજુરી મળવી જોઈએ. એમસીએ દ્વારા શાહરુખ માટેના પ્રવેશ દ્વાર ખુલ્લા કરવા જોઈએ. આ મુદ્દાને હાથ ધરવા માટે અન્ય ઘણા પણ પ્રશ્નો છે. એમસીએ દ્વારા હળવું વલણ અપનાવવું જોઈએ. જો શાહરુખખાન જાહેરમાં માફી માંગી ચુક્યો છે અને પોતાની ભૂલ કબુલી ચુક્યો છે તો તેને માફી આપી દેવી જોઈએ. બીજી બાજુ મુંબઈ ક્રિકેટ એસોસિએશને શાહરુખ પ્રત્યે કોઈ હળવું વલણ અપનાવ્યુ નથી. તેના પર પાંચ મેચનો પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. ગયા વર્ષે સિક્યુરીટી સ્ટાફ સાથે શાહરુખખાનની જોરદાર ઝપાઝપી અને ગાળાગાળી થઈ હતી. એવી શક્યતા છે કે શાહરુખને રાહત આપવામાં આવી શકે છે. સાતમી મેના દિવસે કેકેઆર મુંબઈ ઈન્ડિયન્સ સામે રમી રહી છે.



## નવાં ક્લેવર (પાના નં. ૪નું ચાલુ)

દૈનિક નિત્ય ક્રમ પતાવી ત્રણે સાથે ચ્હા પીવા બેઠાં. કલ્યાણીબહેનના ચહેરા પર આજે જે ખુશી દેખાતી હતી તેવી કેશવલાલે અગાઉ ક્યારેય જોઇ ન હતી. બેંક જવાના સમયે ધ્યાનમાં રાખીને રસોઇ બનાવવા લાગ્યાં. સમયસર બંને ટેબલ પર બેસી જમ્યા. તે પછી કામમાં પેસાડીને તે અતુલને બેંકમાં લઇ ગયા અને બે મહિના માટે કામચલાઉ ધોરણે નોકરીમાં રાખી લીધો. તે સમર્પિતભાવે કામ કરવા લાગ્યો. તેની કાર્યકૂશળતા, કર્મઠતા, કર્તવ્યનિષ્ઠા અને કામ પ્રત્યેની લગન જેવા ગુણોને કારણે તે બંનેના હૃદય એવો તો સ્થાન પામી ગયો કે તે બંને પુત્રની કમી ભૂલી ગયાં. તે પછી સ્પર્ધાત્મક પરીક્ષાનું ફોર્મ પણ તે ભરાવી દીધું. રાત-દિવસ મહેનત કરીને તે ભણવા લાગ્યો. તેથી ખુબ સારો રેન્ક મેળવી તેણે પોતાની પ્રતિભાને પરિચય આપ્યો. તે જોઇ બંનેના આનંદનો પાર ન રહ્યો. થોડા દિવસ પછી કેશવલાલની બદલી રાજકોટ થઇ ગઇ. ત્યાં રહીને અતુલ આગળનો અભ્યાસ કરવા લાગ્યો. તેની પ્રતિભાથી પ્રભાવિત થઇ ગયા અધિકારીઓ અને સાથી મિત્રો તેને ઘેર અવારનવાર આવતાં હતા. તેથી ઘરમાં ચહલપહલ રહેવા લાગી. કલ્યાણી બહેનને આ બધુ ખુબ ગમતું. તે આખો દિવસ વ્યસ્ત રહેતાં છતાં એક અનેરા સુખનો અનુભવ કરતાં હતા.

સમય વિતવા લાગ્યો. આજે અતુલ બેંકમાં સારી પોઝીશન પર છે. એક છોકરી તેની સાથે ભણતી હતી તે ક્યારેક તેમના ઘરે આવતી. તેનું નામ અમૃતા હતું. તે હવે સી.એ. થઇ ગઇ હતી. કલ્યાણીબેન એ છોકરી ગમતી હતી. તેથી બંનેની સંમતિથી અત્યંત હર્ષોલ્લાસથી લગ્ન કરી દીધાં. જયારે સગાં સંબંધી એન ઓળખીતાઓને તેની વાસ્તવિકતાની ખબર પડી તો એ લોકો વિસ્મય પામ્યા અને કેશવલાલના આ પગલાંથી મુક્ત કંઠે પ્રશંસા કરવા લાગ્યા. બે વર્ષ પછી અતુલને ત્યાં દીકરો થયો. તેના કર્ણપ્રિય કિલ્લોસ અને મનમોહક મસ્તીને કારણે તેમના ઘરના સુના પડેલા ખૂણાઓમાં ખુશીઓ છવાઇ ગઇ. જેના માટે તેઓ વર્ષોથી બેચેન હતા.

# ભારત-ચીન સીમા વિવાદની તુલના ચહેરા પરના ડાઘ સમાન : સલમાન ખુર્શીદ

નવીદિલ્હી,તા.૭
કેન્દ્રીય વિદેશ મંત્રી સલમાન ખુર્શીદે લદ્દાખમાં ભારત અને ચીનની સેનાઓ વચ્ચે થયેલા વિવાદની તુલના ખૂબસુરત ચહેરા પર નીકળી આવેલા ડાઘથી કરી હતી. તેમણે કહ્યું હતું કે, ભારત અને ચીન વચ્ચેના સંબંધો સુંદર છે પરંતુ લદ્દાખમાં ચાલી રહેલો અંકુશરેખા વિવાદની બાબત ચહેરા પર ડાઘ સમાન છે. પ્રધાનમંત્રી મનમોહનસિંહે પણ આ ઘટનાને એક સ્થાનીય વિવાદ જણાવ્યો છે પરંતુ આ વિવાદ અંત લાવવાનું નામ લેતું નહોતું પરંતુ રવિવાર સાંજે બંને દેશોએ પોતાની સેના પાછી હટાવી લેવાનો નિર્ણય કર્યો ત્યારે ચીની કુટનીતિક ક્રીમે તેની કમાલ દેખાડી દીધી છે. ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા સૈયદ અકબરૂદ્દીને એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ભારત અને ચીનની સરકારોએ પશ્ચિમ સૅકટરની વાસ્તવિક નિયંત્રણ રેખા પર ૧૫ એપ્રિલ ૨૦૧૩ પૂર્વની સ્થિતિ જાળવી રાખવાની સહમતી જાહેર કરી છે. સવાલ એ છે કે કુટનીતિનું ક્રીમ લગાડ્યા પછી બચી ગયેલા ડાઘનું શું થશે ? ભારતીય પક્ષનું કહેવું છે કે ચીનની પીપલ્સ લિબ્રેશન આર્મીએ ભારતીય સીમામાં ૧૯ કિલોમીટર સુધી અંદર આવીને તંબુ તાણ્યા હતાં. ભારતે આમાંથી બોધપાઠ લેવો પડે ? શું ભારત આને કુટનીતિક જીત કહી શકે ? ભારતની કમજોરી આ બાબતે જાહેર નથી થઈ ? કહેવાય છે કે ચુમાર પોસ્ટની કુર્બાની લઈને ચીન પાછું ફર્યુ છે. સૂત્રો જણાવે છે કે, ચીની સૈન્ય પરત ફર્યું તેમાં થયેલી સોદાબાજીના ભાગરૂપે ભારતીય સેનાએ ચુમારમાં બનેલા તેમના બંકરો નષ્ટ કરવા પડશે. જોકે સરકાર ભારેલા અગ્નિ જેવી સ્થિતિને ઠંડી કરવા માટે ચીનને કોઈ છૂટછાટ આપી હોય તે બાબતને સ્પષ્ટ રદિયો આપ્યો છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે, ચીન સાથે કોઈપણ પ્રકારની સોદાબાજી કરવામાં આવી નથી પરંતુ ભૌગોલિક પરિસ્થિતિને નજીકથી જાણનારા સ્થાનિક લોકો કહે છે કે ચીની સેના લદ્દાખના દેપસાંગથી ત્યારે જ નીકળી જયારે ભારતની સેના ચુમારમાંથી બંકરો નષ્ટ કરવા માટે રાજી થઈ ગઈ. ભારતીય સેનાના બંકરો હટાવવાના નિર્ણય પર સવાલ પૂછતાં આ બાબતને રદિયો આપવામાં આવ્યો છે. ચીને શરત મૂકી હતી કે, નવી દિલ્હી પૂર્વ લદ્દાખમાં સ્થાયીરૂપે નિર્માણનું કામ બંધ કરે અને ભારતીય સેના ચીનને કારાકોરમ હાઈ-વે પર નજર રાખવાની સહમતિ આપે. સૂત્રો જણાવે છે કે, ભારતે ચીનને આક્રમક દખલબાજીથી રોકવા માટે બંકરો નષ્ટ કરવાનો નિર્ણય લેવો પડ્યો છે જેને મોટી કુર્બાની ગણી શકાય નહીં. હવે એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, ભારતે આ બંકર ચીનની ગેરકાયદેસર ઘુસણખોરી રોકવા માટે બનાવ્યા હતાં જેથી ચીની સૈનિકોની ગતિવિધિઓ પર નજર રાખી શકાય.



## એમએફ દ્વારા ૨૩૦૦૦ કરોડના શેર વેચી દેવાયા

નવી દિલ્હી,તા. ૭
મ્યુચ્યુઅલ ફંડ દ્વારા છેલ્લા નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન ૨૩૦૦૦ કરોડની અસપાસના શેર વેચી દીધા છે. આની સાથે જ છેલ્લા ૧૨ વર્ષના ગાળામાં સૌથી વધુ શેરનું વેચાણ કરવામાં આવ્યુ છે. એનએફ દ્વારા ૨૩૦૦૦ કરોડથી વધુની કિંમતના શેરનુ વેચાણ કરવામાં આવ્યા બાદ બજાર સાથે સંકળાયેલા લોકોમાં પણ ચર્ચા વિચારણા શરૂ થઈ ગઈ છે. ૩૧મી માર્ચ ૨૦૧૩ના દિવસે પૂરા થયેલા નાણાંકીય વર્ષમાં શેરબજારમાં મ્યુચ્યુઅલ ફંડ દ્વારા નેટ પ્રવાહ યથાવત રહ્યો છે.

અગાઉના ત્રણ નાણાંકીય વર્ષ દરમિયાન મ્યુચ્યુઅલ દ્વારા ૩૩૦૦૦ કરોડની કિંમતના શેર વેચવામાં આવ્યા હતા. આનો મતલબ એ થયો કે આ વખતે શેર વેચાણનો આંકડો જુદા પ્રકારનો રહ્યો છે. વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન એનએફ દ્વારા શેરનું વેચાણ ૨૨૭૪૯ કરોડ રહ્યુ હતુ જ્યારે ૨૦૦૦-૨૦૦૧ બાદથી એક નાણાંકીય વર્ષમાં આ સૌથી જંગી આંકડો હતો. એ વખતે ૨૭૬૭૦ કરોડના શેરનું વેચાણ કરવામાં આવ્યુ હતુ. છેલ્લા ચાર નાણાંકીય વર્ષ (૨૦૧૨-૧૩ સુધી)માં મ્યુચ્યુઅલ ફંડ દ્વારા ૫૫૦૦૦ કરોડની કિંમતના શેરનું વેચાણ કરવામાં આવ્યુ છે.

# દેશમાં ઘઉંનું ઉત્પાદન ૯.૩૬ કરોડ ટન રહેવાનો અંદાજ છે

નવી દિલ્હી,તા. ૭
અનાજ ઉત્પાદનના મામલામાં દેશમાં નવા રેકોર્ડ સર્જાઈ રહ્યા છે. આ વખતે પણ ઘઉંના રેકોર્ડ ઉત્પાદનને લઈને દાવા કરવામાં આવી રહ્યા છે. અલબત્ત આંકડા જારી કરાયા બાદ જ ચિત્ર સ્પષ્ટ થશે પરંતુ નિષ્ણાંતોનું કહેવું છે કે ઘઉંનું રેકોર્ડ ઉત્પાદન થઈ શકે છે. જૂનમાં પૂર્ણ થઈ રહેલા પાક વર્ષ ૨૦૧૨-૧૩માં દેશમાં ઘઉંનું ઉત્પાદન ૯.૩૬ કરોડ ટનની આસપાસ રહેવાનો અંદાજ છે જે ગયા વર્ષના રેકોર્ડ ઉત્પાદન ૯.૪૮ કરોડ ટનની આસપાસ છે. આનાથી દેશમાં ઘઉંના વિશાળ જથ્થાને મૂકવાની સમસ્યા વધુ ગંભીર બની શકે છે. નવા આંકડાઓમાં જણાવવામાં આવ્યું છે કે સરકારી ગોડાઉનોમાં ખાદ્યાનો જથ્થો આશરે ૬ કરોડ ટન હોવાનો અંદાજ છે જે જરૂર કરતા આશરે ત્રણ ગણો વધારે છે. અધિકારીઓનું કહેવું છે કે આ વર્ષે સરકારની ખેડૂતો પાસેથી ૪ કરોડ ટન ઘઉં ખરીદવાની યોજના છે. જેનાથી જૂનના પ્રથમ સપ્તાહમાં સ્ટોક ૯ કરોડ ટનની ઉપર પહોંચી શકે છે. સરકારે પાક નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ના ત્રીજા અગ્રીમ અંદાજમાં જણાયું છે કે અન્ય રવિ પાકમાં સરસિયુંનું ઉત્પાદન પણ ૭૪ લાખ ટનની આસપાસ પહોંચી શકે છે. હાલમાં જ એક આંકડામાં જણાવાયું હતું કે ઘઉં માટે પૂરતા અનાજના ગોડાઉનો નહીં હોવાના કારણે જથ્થો નાશ પામી રહ્યો છે. દેશમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોની સંખ્યા ખૂબ ઊંચી છે ત્યારે ઘઉંના રેકોર્ડ ઉત્પાદનની સ્થિતિમાં પૂરતા પ્રમાણમાં ભંડાર જાળવી રાખવામાં આવે તેવી શક્યતા છે. ખેડૂતો પાસેથી પૂરતી કિંમત ચૂકવીને ઘઉંનો જથ્થો ખરીદવામાં આવશે. ચાર કરોડ ટન ઘઉંની ખરીદી ખેડૂતો પાસેથી કરવાથી ખેડૂતોને પણ રાહત મળી શકે છે. ઘઉં ઉપરાંત અન્ય અનાજના ઉત્પાદનમાં પણ દેશ આગળ વધે તેવી શક્યતા છે. કારણ કે આ વખતે નવી નવી ટેકનોલોજી અને નવા બીયાનો ઉપયોગ વધારે પ્રમાણમાં કરવામાં આવ્યું છે.

# વિજિલન્સની ઝપટમાં આવતાં માયાના ૯ મંત્રી

લખનૌ,તા.૭
બસપાની માયાવતી સરકારનાં નવ મંત્રીઓની વિરુદ્ધ વિજિલન્સ ડિપાર્ટમેન્ટનો ગાળિયો મજબૂત બન્યો છે. તપાસ એજન્સીએ ત્રણ પૂર્વ મંત્રી રંગનાથ મિશ્ર, અવધપાલસિંહ યાદવ અને બાદશાહસિંહ પર લાગેલા આરોપોને પુષ્ટિ આપી દીધી છે. વિજિલન્સે આ ત્રણેય પૂર્વ મંત્રીઓની વિરુદ્ધમાં ફરિયાદ દાખલ કરવા માટે સરકાર પાસે મંજુરી માંગી છે.

બીજીતરફ પૂર્વમંત્રી ચંદ્રદેવરામ યાદવ, નસીમુદીન સિદ્દિકી, રાકેશધર ત્રિપાઠી, રામવીર ઉપાધ્યાય, બાબુસિંહ કુશ્વાહા વિરુદ્ધ કેસ દાખલ કરવા માટેની પણ અનુમતિ માંગી છે જ્યારે પૂર્વમંત્રી રામઅચલ રાજભરની વિરુદ્ધમાં વિજિલન્સે વિભાગીય સ્તરથી કેસ દાખલ કરીને તપાસ શરૂ કરી દીધી છે. વિભાગના સૂત્રો જણાવે છે કે, તેમણે માયાવતી સરકારના નવ મંત્રીઓ વિરુદ્ધ મજબૂત પુરાવાઓ ભેગા કર્યા છે અને સરકારની સંમતિ મળવાની સાથે જ તેમની ધરપકડ કરવાનો સિલસિલો શરૂ કરી દેવામાં આવશે. ચંદ્રદેવરામ વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ની કલમ ૧૩ (ડી)(ઈ) હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ ફરિયાદમાં તેમની આવકથી વધારે સંપત્તિ હોવાનો કેસ દાખલ કરવામાં આવ્યો છે. કુશવાહા વિરુદ્ધ પદનો દુરુપયોગ કરી બનાવટી દસ્તાવેજોના આધારે રાજ્ય સરકાર સાથે છેતરપિંડી કરી હોવાનો આરોપ છે. રામવીર ઉપાધ્યાય વિરુદ્ધ છેતરપિંડી ઉપરાંત તેમના પરિવારના સદસ્યો સામે ભ્રષ્ટાચારના આરોપ ઉપરાંત આવક કરતાં વધુ સંપત્તિ હોવાની ફરિયાદ છે. નસીમુદીન સિદીકિ અને રંગનાથ મિશ્ર સામે પણ આવક કરતાં વધારે સંપત્તિ હોવાની ફરિયાદ છે. અવધપાલસિંહ યાદવ પર ગ્રામસમાજની જમીન પર ગેરકાયદેસર રીતે કબજો કરવાનો આરોપ છે. બાદશાહસિંહ વિરુદ્ધ સરકારી જમીન પર કબજો કરવાનો, રામઅચલ રાજભર પર આવકથી વધુ સંપત્તિ હોવાનો તેમજ રાકેશધર ત્રિપાઠી પર પણ વધુ સંપત્તિ હોવાની ફરિયાદ છે.

## રાહુલ ગાંધીની સુરક્ષામાં ૭૦૦ જવાનો તહેનાત

ચંદીગઢ, તા. ૭
કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીની ૮મી મે ની પંચકૂલા મુલાકાતને ધ્યનમા ંરાખીને સુરક્ષા વ્યવસ્થા અત્યારથી જ મજબૂત કરી દેવામાં આવી છે. હરિયાણાનું સમગ્ર પ્રશાસન અને પોલીસ અમલદારો વ્યવસ્થાઓને સારી બનાવવામાં લાગી ગયા છે. એસપીજી પણ પંચફલા પહોંચી ગયા છે. અને આ ટીમે સુરક્ષાની જવાબદારી સંભાળી લીધી છે.

પંચફલાના ઈન્દ્રધનુષ એડિટોરિયમને સંપૂર્ણ રીતે સીલ કરી દેવામાં આવ્યું છે. કોઈને પણ પરવાનગી વિના અંદર આવવા જવા દેવામાં નથી. આવતા સોનપોર્ટ રોહતકના સાંસદ દિપેન્દ્રસિંહ હુડા અને હરિયાણાના કોંગ્રેસના પ્રભારી બી.કે. હરિપ્રદાસે અન્ય પાર્ટીના નેતાઓ સાથે ઓડિટોરિયમમાં બેઠક વ્યવસ્થાની જાણકારી લીધી હતી. રાહુલ ગાંધી સેકટર-૫ના ઈન્દ્રધનુષ ઓડિટોરિયમમાં ૮મે એ ૧૧.૩૦ વાગે પહોંચશે. અને લગભગ ૪ કલાક સુધી તેઓ રાજ્યના મુખ્ય કોંગ્રેસના કાર્યકર્તાઓ અને નેતાઓ સાથે વાતચીત કરશે. આ પ્રથમ વખત છે. જ્યારે હરિયાણામાં પહેલીવાર બ્લોક સ્તરના કાર્યકર્તાઓ રાહુલ ગાંધી સાથે સીધી મુલાકાત થશે.